# સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણ - Synchronous (Live, Interactive) Learning-ની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી મુક્ત થવા માટે કરવાની વિનંતિ

**સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણ** -Synchronous (Live, Interactive) Learning-**ની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી મુક્ત થવા માટે કરવાની વિનંતિ**

પોલીસી / પ્રોગ્રામ મેમોરેન્ડમ નંબર 164 ( Policy/Program Memorandum No. 164 )દ્વારા, શિક્ષણ મંત્રાલયે દૂરસ્થ શિક્ષણની આવશ્યકતાઓ પર શાળા બોર્ડને દિશા પ્રદાન કરી છે. આ આવશ્યકતાઓમાં સમાવિષ્ટ ફરજિયાત અપેક્ષા છે કે સ્કૂલ બોર્ડ્સ એવી પ્રક્રિયા વિકસાવે કે જેનાથી દૂરસ્થ શિક્ષણમાં રોકાયેલા વિદ્યાર્થીઓ સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની ન્યૂનતમ આવશ્યકતાઓમાંથી મુક્તિ માટે અરજી કરી શકે (નીચેનો કોઠો જુઓ). સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી મુક્તિ માટેની વ્યક્તિગત વિનંતીઓ (નીચેનો કોઠો જુઓ) ઓનલાઇન ફોર્મ દ્વારા અથવા હોમ સ્કૂલને કાગળ પર છપાયેલું ફોર્મ પ્રસ્તુત કરીને સ્કૂલ સુપરિન્ટેન્ડન્ટ (અથવા તેમના નિયુક્ત)ને કરવામાં આવશે. તે પછી સુપરિન્ટેન્ડન્ટ (અથવા તેમના નિયુક્ત) તમામ વિનંતીઓની સમીક્ષા કરશે, વ્યક્તિગત મુક્તિ વિનંતીઓ વિશે નિર્ણય લેશે અને તમામ મુક્તિ વિનંતીઓને લેખિતમાં જવાબ આપશે. મંજૂરીવાળી મુક્તિ વિદ્યાર્થીના ઓન્ટારીઓ સ્ટુડન્ટ રેકોર્ડમાં સંગ્રહિત કરવામાં આવશે. અરજદારો પાસે હવે હાલની અગાઉ મંજૂર કરાયેલી મુક્તિ-વિનંતીઓને લંબાવવાનો અથવા સમાપ્તિ તારીખ પસંદ કરવાનો વિકલ્પ હશે જે શાળા-વર્ષ 2020/2021ના અંત સુધી લંબાવી શકાય.

## સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની ધોરણ મુજબની અપેક્ષાઓ

| **વિભાગ** | **વિદ્યાર્થીઓના ધોરણનું સ્તર** | **સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણના સમયની દૈનિક લઘુત્તમ આવશ્યકતા*** |
|---|---|---|
| પ્રાથમિક | કિન્ડરગાર્ટન | 180 મિનિટ |
| | ધોરણ 1 થી 3 | 225 મિનિટ |
| | ધોરણ 4 થી 8 | 225 મિનિટ |

| | | |
|---|---|---|
| માધ્યમિક | ધોરણ 9 થી 12 | દરેક 75 મિનિટના વર્ગ સમય માટે 60 મિનિટ કરતાં વધુ ** અથવા આખા અભ્યાસક્રમના સમયપત્રક માટે પ્રતિ દિન 225 મિનિટ |

* આ અસુમેળ (સ્વતંત્ર) શિક્ષણના સમય ઉપરાંત છે.
** કોઈપણ સમયગાળા માટે સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની સમય-આવશ્યકતા જે 75 મિનિટની ન હોય તે આ પ્રમાણને પ્રતિબિંબિત કરવા માટે એડજસ્ટ કરવી જોઇએ.

સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી મુક્તિ માટેની વિનંતીઓ માતાપિતા / વાલીઓ દ્વારા અથવા જેની ઉંમર 18 વર્ષ અથવા તેથી વધુ છે, અથવા જે વિદ્યાર્થીઓ 16 અથવા 17 વર્ષના છે પરંતુ માતાપિતાના નિયંત્રણમાંથી ખસી ગયા છે તેવા વિદ્યાર્થીઓ દ્વારા કરી શકાય છે. પોલિસી/પ્રોગ્રામ મેમોરેન્ડમ નંબર 164 ( Policy/Program Memorandum No. 164, ) મુજબ, આ ફોર્મ TDSB વર્ચ્યુઅલ સ્કૂલ (Virtual School) માં પ્રવેશ મેળવતા વિદ્યાર્થીઓ (દા.ત., TDSB વર્ચ્યુઅલ સ્કૂલ, સેકન્ડરી હોમ સ્કૂલ વર્ચ્યુઅલ લર્નિંગ વિકલ્પ, લર્નિંગ નેટવર્ક વર્ચ્યુઅલ લર્નિંગ હબ, લર્નિંગ નેટવર્ક તેમજ અનુકૂળ કરાયેલા દિવસે રુબરુમાં શાળા મોડેલ Adapted In-school Day Model) ) માં નોંધાયેલા માધ્યમિક વિદ્યાર્થીઓ માટે લાગુ છે. આ મુક્તિ પ્રક્રિયા એવા વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ નથી કે જેમણે શારીરિક (વ્યક્તિગત રૂપે) પ્રાથમિક શાળા અથવા હોમસ્કૂલિંગ ( homeschooling ) નો વિકલ્પ પસંદ કર્યો હોય. મુક્તિની વિનંતી કરતા દરેક વિદ્યાર્થી માટે એક અલગ અરજી પ્રસ્તુત કરવી આવશ્યક છે.

અનુકૂળતા કરાયેલ ઇન-સ્કૂલ ડે મોડેલમાં નોંધાયેલા માધ્યમિક વિદ્યાર્થીઓ માટે, સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી સંપૂર્ણ મુક્તિ માટેની વિનંતીઓ ફક્ત શાળા દિવસના ઓનલાઇન સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) ભાગ પર લાગુ પડે છે. એ મુક્તિ શિક્ષણના અનુકૂળ કરાયેલા ઇન-સ્કૂલ ડે મોડેલના વ્યક્તિગત ભાગ પર લાગુ પડતી નથી. આ મોડેલના વર્ગના શૈક્ષણિક ઘટકમાં હાજરી માધ્યમિક વિદ્યાર્થીઓ માટે ફરજિયાત છે.

શિક્ષણની અર્થપૂર્ણ સુલભતાને સમર્થન આપવા માટે, મુક્તિ મેળવેલા તમામ વિદ્યાર્થીઓ માટે વૈકલ્પિક શિક્ષણના અભિગમો રાખવામાં આવશે મુક્તિ મેળવેલા વિદ્યાર્થીઓને 300 મિનિટના શિક્ષણ-દિવસ મુજબની દૈનિક સમય-સારણી અથવા સમયપત્રક આપવામાં આવશે.

## મુક્તિ મેળવેલા વિદ્યાર્થીઓ માટેની અપેક્ષાઓ

- દૈનિક સમયપત્રક: મુક્તિવાળા વિદ્યાર્થીઓએ 300 મિનિટના શૈક્ષણિક દિવસ અનુસાર તેમના શિક્ષક દ્વારા આપવામાં આવેલ દૈનિક સમય-સારણી અથવા સમયપત્રકનું પાલન કરવું ચોક્કસ આવશ્યક છે. આના માટે વિદ્યાર્થીઓએ બ્રાઇટસ્પેસ (Brightspace), ગૂગલ ક્લાસરુમ (Google Cassroom)

અથવા સંમત થયા હોય એવી અન્ય પદ્ધતિમાં વર્ગખંડના શિક્ષક દ્વારા આપવામાં આવેલ કાર્ય, સ્વતંત્ર રીતે મેળવવાની અને તેને પૂર્ણ કરવાની જરૂર પડશે; જ્યાં તબીબી કારણો અને સંવેદના, દ્રષ્ટિ, દૃશ્યમાન અને અદૃશ્ય અપંગતા સુધી મર્યાદિત ન હોય તેવાં, માનસિક સ્વાસ્થ્ય, આઘાત, ધર્મ / સંપ્રદાય, કુટુંબની સ્થિતિ વગેરે અન્ય વિકાસલક્ષી કારણોસર વિશેષ શિક્ષણની જરૂરિયાત હોય. અભ્યાસના વિશિષ્ટ પ્રોગ્રામમાં નોંધાયેલા વિદ્યાર્થીઓને જ્યારે શિક્ષકો સમાન દૈનિક સમયપત્રક અથવા સમયસારણી આપશે, તે વિદ્યાર્થીઓની જવાબદારી રહેશે કે તે અનુસાર અસુમેળયુક્ત (સ્વતંત્ર) ભણતરમાં તેમનું સામેલપણું વધારવા માટે મુક્તિની પસંદગી કરી છે.

- <u>શિક્ષણ સામગ્રી:</u> વિદ્યાર્થીઓને ઓન્ટેરિઓના સંપૂર્ણ અભ્યાસક્રમના આધારે પ્રોગ્રામિંગ આપવામાં આવશે અને તેઓ વર્ગ માટે શિક્ષકે નક્કી કરેલી અપેક્ષાઓનું પાલન કરશે. આ સામગ્રી બ્રાઇટસ્પેસ લર્નિંગ મેનેજમેન્ટ સિસ્ટમ, ગૂગલ ક્લાસરુમ અથવા સંમત થયા હોય એવી અન્ય પદ્ધતિ (દા.ત. ફોન કોન્ફરન્સ, ઇમેઇલ) દ્વારા પૂરી પાડવામાં આવશે જે વ્યક્તિગત વિદ્યાર્થીઓની જરૂરિયાતો અને સંજોગો પર આધારિત હોય.
- <u>દૈનિક હાજરી:</u> મુક્તિ મેળવેલા તમામ વિદ્યાર્થીઓ માટે TDSB પ્રાથમિક (elementary) અને માધ્યમિક (secondary) હાજરી પ્રક્રિયા અનુસાર, વિદ્યાર્થીઓની હાજરી દિવસમાં બે વખત લેવામાં આવશે. સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી આંશિક અને સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હોય તેવા વિદ્યાર્થીઓની હાજરી પ્રક્રિયાઓની વધુ વિગતો માટે નીચે જુઓ. જ્યારે સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી હોય ત્યારે શિક્ષકો તેમના વ્યાવસાયિક મૂલ્યાંકનનો ઉપયોગ કરશે અને વિદ્યાર્થીઓ અને તેમના માતાપિતા (ઓ)/ જ્યાં લાગુ હોય ત્યાં વાલી(ઓ), સાથે ચાલી રહેલા સંપર્કને જાળવવા માટે કાર્ય કરશે.
    - આંશિક મુક્તિઓ: TDSB પ્રાથમિક અને માધ્યમિક હાજરીની કાર્યવાહી અનુસાર, પ્રાથમિક સ્તરે દરરોજ બે વખત અને ગૌણ સ્તરે કોર્સ દીઠ હાજરી લેવામાં આવશે.
    - સંપૂર્ણ મુક્તિઓ: હાજરી મંગળવારે (સોમવાર અને મંગળવાર માટે) અને શુક્રવારે (બુધવારથી શુક્રવાર સુધી) એમ બે વાર નોંધવામાં આવશે. સંપૂર્ણ મુક્તિવાળા વિદ્યાર્થીઓને હાજર તરીકે ચિહ્નિત કરી શકાય, જો તેઓ નીચેની એક અથવા વધુ રીતોમાં પોતાના શિક્ષક સાથે રોકાયેલા રહ્યા હોય: અઠવાડિયામાં ઓછામાં ઓછું એક વાર વર્ક સબમિશન કરવું, ફોન કોન્ફરન્સ અથવા બ્રાઇટ્સ્પેસ, ગૂગલ વર્ગખંડ, ઇમેઇલ્સ, વગેરે જેવા અન્ય સંદેશાવ્યવહાર.વડે.

- આકારણી, મૂલ્યાંકન અને અહેવાલ: જ્યારે કે સફળતાનો ઉછેર: ઓન્ટારીઓ સ્કૂલોમાં આકારણી, મૂલ્યાંકન અને અહેવાલ (Growing Success: Assessment, Evaluation, and Reporting in Ontario Schools)(2010)માં નીતિની રૂપરેખા આપવામાં આવી છે: જેમને સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી મુક્તિ આપવામાં આવી હોય એ તમામ TDSB વિદ્યાર્થીઓને લાગૂ પડવાનું ચાલુ રાખે છે, *સફળતાનો ઉછેર: ગણિતનું પરિશિષ્ટ, ગ્રેડ 1 થી 8, 2020* (*Growing Success: The Mathematics Addendum, Grades 1 to 8, 2020* ) માં ગ્રેડ 1 થી 8 માં ગણિત માટેના પ્રાંતીય અહેવાલ કાર્ડને પૂર્ણ કરવા માટેની સૂચનાઓને રદ કરશે. શિક્ષકો દરેક અભ્યાસના કાર્યક્રમની શરૂઆતમાં આકારણીની અપેક્ષાઓની વિદ્યાર્થીઓને સ્પષ્ટ રૂપરેખા આપશે. આને બ્રાઇટસ્પેસ અથવા ગૂગલ ક્લાસરૂમ (જ્યાં લાગુ હોય ત્યાં)ની અંદરના આકારણી અને મૂલ્યાંકન ફોલ્ડરમાં પોસ્ટ કરવામાં આવશે, જેની ડિજિટલ નકલો જરૂરિયાત મુજબ ઉપલબ્ધ કરવામાં આવશે. શિક્ષકો અંગ્રેજી અને ફ્રેંચ સહિતની બીજી ભાષાઓ શીખનારાઓ અને વિશેષ શિક્ષણની જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓની, જેમની પાસે વ્યક્તિગત શિક્ષણ યોજના છે (આઇ.ઇ.પી.), બધા વિદ્યાર્થીઓને વિશિષ્ટ સમર્થન આપવાનું ચાલુ રાખશે. વિદ્યાર્થીઓ બ્રાઇટસ્પેસ અથવા ગૂગલ ક્લાસરૂમમાં તેઓ જેમાં નોંધાયેલા છે એ અધ્યયન અથવા અભ્યાસક્રમોના કાર્યક્રમની સફળ સમાપ્તિ માટે જરૂરી સોંપણીઓ અને આકારણીઓ પૂર્ણ અને પ્રસ્તુત  કરશે.

## સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણથી મુક્તિ માટેની વિનંતીઓ

મુક્તિ દ્વારા વિદ્યાર્થીઓને સમાવવાનો ઉદ્દેશ શાળા સમુદાયોની વૈવિધ્યસભર જરૂરિયાતોને ધ્યાનમાં લેવામાં લચિલાપણું રાખવા દેવાનો અને TDSB સ્ટાફ, વિદ્યાર્થીઓ અને પરિવારોના એકંદર માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારીને વધુ સમર્થન આપવા માટેનો છે. સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણથી મુક્તિ વ્યક્તિગત વિદ્યાર્થીઓને, આમ તો થોડી રાહત આપે છે, પણ તેમને પણ અસુમેળયુક્ત (સ્વતંત્ર) મિનિટની સંખ્યામાં વધારો કરવાની જરૂર પડે છે  જેમાં દરેક મુક્તિપ્રાપ્ત વિદ્યાર્થી દરરોજ રોકાયેલ હોય છે. શિક્ષકના વ્યાવસાયિક નિર્ણય અનુસાર તેમાં અગાઉથી રેકોર્ડ કરેલા વીડિઓ પાઠ જોવાનું, સોંપાયેલ કાર્યોને પૂર્ણ કરવાનું અથવા ઓનલાઇન ચર્ચા બોર્ડમાં ફાળો આપવાનું સમાવેશ થઇ શકે છે. કેટલાક કિસ્સાઓમાં, અસુમેળયુક્ત (સ્વતંત્ર) ભણવાની તકો ઇમેઇલ્સ અથવા ટેલિફોન કૉલ્સ દ્વારા પહોંચાડવામાં આવી શકે છે.

એ સુનિશ્ચિત કરવું કે વિદ્યાર્થી વર્ગખંડના શિક્ષક સાથે પોતાનો સંપર્ક જાળવે અને સોંપેલ શૈક્ષણિક તથા મૂલ્યાંકન કાર્યોને પૂર્ણ કરે અને રજૂ કરે, એ સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણથી મુક્તિના આવશ્યક ઘટકો છે. ફરજિયાત શાળા-વયના વિદ્યાર્થીઓ માટે શિક્ષણ અધિનિયમ -એજ્યૂકેશન એક્ટ- હેઠળ હાજરી ફરજિયાત છે. વિદ્યાર્થીઓની સફળતા માટે મહત્તમ તકો મેળવવા, વિદ્યાર્થીની ગેરહાજરીને શિક્ષણ

અધિનિયમ અનુસાર, અને શિક્ષણ મંત્રાલયની સંબંધિત નીતિઓ, જે TDSB દ્વારા - નીતિ P085 વિદ્યાર્થીઓની હાજરી અને સલામત આગમન માં દર્શાવેલ છે તે મુજબ, અને શિક્ષણ મંત્રાલયની પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ માટેની નોંધણી-સૂચનાઓ (Enrolment Register Instructions for Elementary and Secondary Schools) ના દસ્તાવેજ મુજબ ધ્યાન આપવામાં આવશે. તેથી, સહાયક દસ્તાવેજો વિનાની સતત 15 દિવસની ગેરહાજરીના પરિણામ રૂપે, વિદ્યાર્થી હાજરી રજિસ્ટરમાંથી દૂર થઈ શકે છે.

ફરજિયાત હાજરી પૂરી કરવામાં, કામ પૂર્ણ કરવામાં અને આકારણી અપેક્ષાઓ પૂર્ણ કરવામાં નિષ્ફળતા સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની ન્યુનત્તમ આવશ્યકતાઓમાંથી મુક્તિ સાથે અસંગત છે અને તેના બદલે TDSB હોમસ્કૂલિંગ નીતિ (TDSB Homeschooling Policy) માં દર્શાવેલ હોમસ્કૂલિંગના ઉદ્દેશ સાથે ગોઠવાય છે. બાળકોને હોમસ્કૂલમાં દાખલ કરવા માંગતા માતા-પિતા / વાલીઓએ તેમના હોમસ્કૂલ માટે સ્કૂલના સુપ્રિન્ટેન્ડેન્ટને હોમસ્કૂલના ઇરાદાની નોટીસ (ફોર્મ 553 એ) Notice of Intent to Home School (Form 553A) રજૂ કરવી આવશ્યક છે.

## સંપૂર્ણ મુક્તિપ્રાપ્ત વિદ્યાર્થીઓ અને શિક્ષણ-સામગ્રીની સુલભતા

એવા તમામ વિદ્યાર્થીઓ કે જેમને સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી આંશિક અથવા સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે, તેઓ જે ધોરણ/ અભ્યાસક્રમ માટે નોંધાયેલા છે તે માટેની શૈક્ષણિક અને મૂલ્યાંકન સામગ્રી માટે બ્રાઇટસ્પેસ (Brightspace) અથવા ગૂગલ ક્લાસરુમની અંદર નિષ્પક્ષ રીતે પ્રવેશ કરી શકશે. આકારણી અને મૂલ્યાંકનના હેતુસર શિક્ષકને રજૂ કરવા માટે, શિક્ષણની પ્રવૃત્તિઓ અને અસુમેળ (સ્વતંત્ર) શિક્ષણની તકોને, ઓનલાઇન પોસ્ટ કરવામાં આવશે. વિદ્યાર્થીઓને તેમના અભ્યાસના કાર્યક્રમની જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે સમર્થન આપવા આ એક મહત્વની પૂર્વશરત છે. એવા તમામ વિદ્યાર્થીઓ કે જેમને સુમેળયુક્ત (જીવંત, સંવાદાત્મક) શિક્ષણની લઘુત્તમ આવશ્યકતાઓમાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવી છે તેઓ તેમના શિક્ષકો સાથે સંપર્ક જાળવવા તેમજ સોંપાયેલ એસાઇનમેન્ટ્સ અને આકારણીઓ પૂર્ણ કરવા તથા તે પરત આપવા માટે તેમના શિક્ષકો સાથે વ્યવસ્થા કરવા માટે જવાબદાર રહેશે.

## અરજી કરવાની અંતિમ તારીખ

મુક્તિ માટેની વિનંતીઓ દરેક અહેવાલ સમયગાળાની શરૂઆતના એક અઠવાડિયા પછી નીચેની તારીખોએ

સાંજના 4 વાગ્યા સુધીમાં રજૂ કરવી આવશ્યક છે.

<u>પ્રાથમિક </u>માટે અરજીની અંતિમ તારીખ છે: 20 ઓક્ટોબર, 30 નવેમ્બર, અને 23 ફેબ્રુઆરી.

<u>માધ્યમિક</u> માટે અરજીની અંતિમ તારીખ છે: 20 ઓક્ટોબર, 30 નવેમ્બર, 15 ફેબ્રુઆરી અને 30 એપ્રિલ.

નવીનીકરણ / લંબાવવું: જો તમારી અગાઉ માન્ય મુક્તિની વિનંતી સમાપ્ત થઇ ગઈ હોય અથવા તેની સમાપ્તિની તારીખ નજીક આવી રહી હોય, તો કૃપા કરીને ઉપર લિંક કરેલા એ જ ઑનલાઇન ફોર્મ દ્વારા શક્ય તેટલી વહેલી તકે નવી મુક્તિની વિનંતી રજૂ કરો.